ટીબી હારેગા, દેશ જીતેગા સંકલ્પ અદ્ધરતાલ

વિશ્વ ક્ષય દિવસ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૪ વર્ષમાં ૨૫ હજાર ક્ષયના દર્દી

કોરોના કરતાં પણ ક્ષય(ટીબી)નો રોગ ભયંકર : બી.સી.જી.ની રસીની શોધને ૧૦૦ વર્ષ પૂર્ણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

તા.૨૪ માર્ચના રોજ વિશ્વ ક્ષય દિવસની ઉજવણી થઈ. જિલ્લામાં પણ ક્ષય રોગ સામે જજુમવા ક્યાંક તાયફા કરી બીલ મંજૂર કરવા વાઉચર મૂકાઈ જશે. પરંતુ ત્યાર પછીના ૩૬૪ દિવસ ક્યાંય પણ ક્ષય રોગના દર્દીઓ માટે નેત્રદિપક કામગીરી થતી હોય તેવું દેખાયું નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પાછલા ૪ વર્ષમાં ક્ષય(ટીબી)ના ૨૪,૬૨૨ દર્દી દફતરે નોંધાયા છે. બી.સી.જી. રસીની શોધ થયા પછી ૧૦૦ વર્ષ પસાર થયા તેમ છતાં જિલ્લામાં બાળ અવસ્થામાં ટીબીની રસી ન મૂકવાને કારણે નાનપણથી જ બાળકોમાં ટીબીના લક્ષણો સામે આવી રહ્યા છે. બંન્ને જિલ્લામાં ટીબી હારેગા, દેશ જીતેગા..ના સંકલ્પ સાથે વિશ્વ ક્ષય દિવસની માત્ર દેખાડારૂપ ઉજવણી થઈ અને આવતી કાલથી બધું ભૂલાઈ જશે એટલે એક રીતે તંત્રના કામમાં જ ખાટલે ખોડ હોવાનું માની શકાય.

કોરોનાની મહામારી સામે વિશ્વના તમામ દેશો જંગ ચઢ્યા છે. સંક્રમણ સામે જે રીતે લડત ચલાવાઈ રહી છે તેવી લડત ટીબીને અટકાવવા માટે ક્યાંય જોવા મળતી નથી. માત્ર વિશ્વ ક્ષય દિવસે ટીબીના રોગ અંગે જાગૃતિ લાવવાના ઉપર છલ્લા પ્રયાસો થતા હોય છે. જિલ્લામાં ટીબીના કેસને શોધવા માટે જિલ્લા ક્ષય નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે જઈ દર્દીઓનો સર્વે કરવામાં આવતો હોય છે. કોરોના કાળ દરમ્યાન ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સિંગના નિયમોનું કડકપણે પાલન કરવામાં આવતાં હમણાંથી ટીબીના કેસમાં ઘટાડો થયાનું આરોગ્ય વિભાગના અધિકારીઓ જણાવી રહ્યા છે. જો કે છેલ્લા ૪ વર્ષ દરમ્યાન ટી.બી.ના દર્દીઓના આંકડાઓ ઉપર નજર કરીએ તો જિલ્લામાં કોરોના કરતાં પણ ટીબીના રોગની સ્થિતિ ચિંતાજનક જણાય છે. વિશ્વમાં આજે કોરોનાની રસી શોધવામાં આવી છે પરંતુ ૧૦૦ વર્ષ પછી પણ ટીબીની અસરકારક રસી શોધવામાં નિષ્ફળતા સોંપડી છે જેથી અત્યાર સુધીમાં વિશ્વમાં ૧૦૦ કરોડથી વધુ લોકો ટીબીના રોગમાં ભરખાઈ ગયાનું જાણવા મળ્યું છે. ટીબીના નિષ્ણાતો પણ શિશુ અવસ્થામાં આ રસીની અસરકારકતા અને પુખ્તવયમાં તેની અસરકારકતા કેમ ઘટી જાય છે તે સમજવામાં માથું ખંજવાળે છે. ઉલ્લેખનીય છે કે ટીબી અને કોરોનાના લક્ષણો એક સમાન છે. જિલ્લામાં આરોગ્ય વિભાગના અથાગ પ્રયત્નો છતાં ટીબી ગંભીર રોગ ઉપર હજી સુધી સંપૂર્ણ નિયંત્રણ લાવી શકાયું નથી તે બાબત આરોગ્ય વિભાગે સ્વીકારી નથી પરંતુ કોરોના કાળમાં ટીબીનું સંક્રમણ એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાવવા ઉપર જરૂર ઘટાડો થયો છે તેવું કબુલ્યું છે.

જિલ્લામાં ૪ વર્ષમાં ટીબીના નોંધાયેલા દર્દી

જિલ્લો	વર્ષ	દર્દી
અરવલ્લી	૨૦૧૮	૩૨૧૫
	૨૦૧૯	૩૨૯૭
	૨૦૨૦	૨૭૧૨
	૨૦૨૧	૦૫૧૩
સાબરકાંઠા	૨૦૧૮	૪૯૦૧
	૨૦૧૯	૫૧૩૦
	૨૦૨૦	૩૮૧૩
	૨૦૨૧	૧૦૪૧

ટીબીના કેસ શોધવા ડોર ટુ ડોર સર્વે

બાયડ : કોરોનાની મહામારીએ આરોગ્ય વિભાગને ઉંધા માથે પટક્યું છે. સંક્રમણ રોકવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થયા છે. ત્યાં હવે વિશ્વ ક્ષય દિવસે ટીબીના રોગનું વરવું સ્વરૂપ સામે આવ્યું છે. બંન્ને જિલ્લામાં કોરોનાની મહામારી વચ્ચે ટીબીના કેસ શોધવા માટે આરોગ્ય વિભાગ તેમજ ક્ષય રોગ વિભાગના કર્મચારીઓ દ્વારા ડોર ટુ ડોર સર્વે શરૂ કરવામાં આવ્યો છે.

વર્ષ-૨૦૨૦-૨૧માં કોરોનાના કારણે ટીબીના કેસ ઘટ્યા

બાયડ : જિલ્લામાં ટીબીના કેસમાં ૪ વર્ષમાં નોંધાયેલા દર્દીઓથી બિહામણું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લા ક્ષય વિભાગનું માનીએ તો વર્ષ-૨૦૨૦-૨૧ ના સમયગાળામાં કોરોનાનું સંક્રમણ ફેલાયા પછી ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો ઉપરાંત કડક લૉકડાઉન અમલમાં આવતાં હવાથી ફેલાતા ટીબીના ચેપી રોગ ઉપર અંકુશ આવ્યો હોવાનું જણાવ્યું છે. જેમાં કોરોના કાળ દરમ્યાન અરવલ્લી જિલ્લામાં ૩૨૨૫ અને સાબરકાંઠા જિલ્લામાં ૪૮૫૪ કેસ નોંધાયા છે જે અગાઉના વર્ષોની તુલનામાં ઘટ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

હળાહળ અન્યાય : જિલ્લામાં કોરોનાગ્રસ્ત પ્રા.શિક્ષકને ક્વોરન્ટાઈનની રજા આપવાનો નન્નો

પ્રા.શિક્ષણ વિભાગ શિક્ષકો માટે સંવેદના બતાવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

જિલ્લાની સરકારી પ્રા.શાળાના શિક્ષકો કોરોનાની મહામારી વચ્ચે શેરી શિક્ષણ અને શાળામાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપી રહ્યા છે. કેટલાક શિક્ષકો તેના કારણે કોરોનાથી સંક્રમિત થતાં હોસ્પિટલમાં કાં તો પોતાના ઘરે હોમ ક્વોરન્ટાઈન થયા છે. સરકારી સેવા દરમ્યાન કોરોના લાગુ પડતાં પ્રા.શિક્ષકોને ૧૪ દિવસ ક્વોરન્ટાઈનની રજા આપવી જોઈએ પરંતુ પ્રા.શિક્ષકોને હળાહળ અન્યાયની લાગણી પ્રવર્તિ રહી છે. પ્રા.શિક્ષણ વિભાગ કોરોનાથી સંક્રમિત થતા શિક્ષકો માટે સંવેદના દાખવે અને ૧૦થી ૧૪ દિવસની રજા મંજૂર કરે તેવી લાગણી ઉત્તર ગુજરાતના ૩૨ હજાર પ્રા.શિક્ષકોમાં પ્રવર્તિ રહી છે. સરકારી મંત્રી મંડળના કોઈ મંત્રી કે સચિવાલયના અધિકારીને કોરોના થયો હોય તો તેમને બધા જ પ્રકારની છૂટ મળે છે તો પછી પ્રા.શિક્ષકો માટે કેમ બેવડાં વલણ..??

કોરોનાએ અતિ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રજા સાવધાની નહીં રાખે તો આવનારા દિવસોમાં કોરોનાના કારણે મૃત્યુ દરમાં ઉછાળો આવવાની દહેશત છે. પાછલા ૫ દિવસમાં જિલ્લાની સરકારી પ્રા.શાળા અને હાઈસ્કુલના ૧ ડઝનથી વધુ શિક્ષકો અને પર થી વધુ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થઈ સારવાર લઈ રહ્યા છે. વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થાય એટલે તેને પરીક્ષાથી માંડી હાજરીમાં લાભ મળતો હોય છે. ત્યારે પ્રા.શિક્ષકોને કોરોના થયો હોય તો તેમને ૧૦ થી ૧૪ દિવસ ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન થવું પડે છે. કાં તો કોરોનાનો ચેપ વધુ પ્રસર્યો હોય તો હોસ્પિટલમાં દાખલ થવું પડતું હોય છે. સરકારી કામગીરી દરમ્યાન જ ચેપ લાગ્યો હોવા છતાં જિલ્લા પંચાયત હસ્તકના પ્રા.શિક્ષકોને ૧૪ દિવસની રજાઓ મળતી નથી. અગાઉ કોરોના થયો ત્યારે રજાની જોગવાઈ હતી પરંતુ હવે તેનો લાભ આપવાનો સ્થાનિક તાલુકા કક્ષાના અધિકારીઓ નન્નો ભણી રહ્યા છે. ત્યારે કોરોનાગ્રસ્ત શિક્ષકોને અન્યાય ન થાય તે જોવા રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક આ બાબતે ગંભીર બની કોરોનાગ્રસ્ત પ્રા.શિક્ષકોને હોમ ક્વોરન્ટાઈનની રજાનો લાભ મળે તે દીશામાં સત્વરે ઉત્તમ નિર્ણય લેવાય તેવું પ્રા.શિક્ષકો ઈચ્છી રહ્યા છે.

વિભાગનો આ અંગે કોઈ પરીપત્ર નથી : અરવલ્લી ડી.પી.ઓ.

બાયડ : કોઈ સરકારી કર્મચારી કોરોનાથી સંક્રમિત થાય તો ૧૪ દિવસની રજાનો લાભ કેટલાક વિભાગોને મળતો હોય છે. પ્રા.શિક્ષક સરકારી સેવા દરમ્યાન કોરોનાથી સંક્રમિત થાય તો તેને હોમ ક્વોરન્ટાઈનના દિવસની રજાઓનો લાભ મળતો નથી. આ અંગે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે વિભાગનો આ અંગે કોઈ પરીપત્ર નથી અને પરીપત્ર થશે તો પ્રા.શિક્ષકોને તેનો અવશ્ય લાભ આપીશું.

સૂરાનાપહાડીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે ખેડૂતનું મોત

સિંચાઈનું પાણી વાળી ઘરે જતાં મોત મળ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

માલપુર તાલુકાના સુરાનાપહાડીયા ગામે ખેતરમાં સિંચાઈનાં પાણી વાળી પગપાળા ઘર તરફ જતા રાસાપુર ગામના ખેડૂત કાન્તિભાઈ સોમાભાઈ પગી (ઉ.પર વર્ષ)ને અજાણ્યા વાહને ટક્કર મારી મોતને ઘાટ ઉતારતાં શોક છવાયો છે. બનાવ અંગે માલપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગો ઉપર વાહનો યમદૂત બનીને દોડવા લાગ્યાં છે. વાહન ચાલકોની સાથે હવે રાત્રે ખેતરોમાં જતા ખેડૂતો પણ જીવલેણ માર્ગ અકસ્માતનો ભોગ બનવા લાગ્યા છે. તાલુકાના રાસાપુર ગામના ખેડૂત તા.૨૨ના રોજ ઘરેથી સિંચાઈનું પાણી વાળવાનું હોવાથી ખેતરમાં ગયા હતા જ્યાં રાત્રિના સમયે પરત ફરતા હતા જે દરમ્યાન પૂરપાટ ઝડપે દોડતા અજાણ્યા વાહને સોમપુર ચોકડીથી અણિયોર તરફના રોડ ઉપર કાન્તિભાઈ પગીને ટક્કર મારી ફંગોળી નાખતાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી ખેડૂતનું મોત નિપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી વાહન ચાલક સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. માર્ગ અકસ્માતમાં ખેડૂતનું મોત નિપજ્યાની જાણ થતાં સ્થળ ઉપર ટોળાં એકત્ર થઈ ગયાં હતાં બનાવ અંગે રમેશ કાન્તિભાઈ પગીની ફરિયાદના આધારે માલપુર પોલીસે ગુનો નોંધ્યો છે.

સરડોઈના યુવા કવિ દિનેશ નાયકનું સન્માન કરવું

હિંમતનગર, તા.૨૪

મોડાસા તાલુકાના સરડોઈ ગામના યુવા કવિ દિનેશ રણછોડભાઈ નાયકે દર્પણ શબ્દ પરથી સ્વરચિત રચના રજૂ કરી હતી. જેને શબ્દ વાવેતર એક પરિવાર સાહિત્ય ગૃપ દ્વારા મેરીટમાં બીજા સ્થાને પસંદ કરી સરડોઈના યુવા કવિને સન્માનપત્ર આપી સન્માન કરાતાં સમસ્ત નાયક સમાજમાં આનંદની લાગણી ફરી વળી છે. સરડોઈના યુવા કવિએ ચિત્ર પરથી સ્વરચિત ઉત્કૃષ્ઠ રચનાઓ, પદ/ગદ્ય પ્રસ્તુત કરી પણ અગાઉ સન્માનપત્ર મેળવ્યું છે. અરવલ્લી જિલ્લાને યુવા કવિ ઉપર મોટી આશાઓ બંધાઈ છે.

જિલ્લામાં હોળીના તહેવારોમાં કમાણી કરવા એસ.ટી. તંત્ર થનગન્યું, મુસાફરોનું સ્ક્રીનિંગ અદ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હોળી-ધુળેટીનો તહેવાર નજીક હોવાથી એસ.ટી. બસ મથકોમાં મુસાફરોની અવર જવરમાં વધારો થયો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તહેવારોને અનુલક્ષી આવક વધારવાના ભાગરૂપે વિભાગે વધારાની એસ.ટી. બસો દોડાવવાની તૈયારીઓ શરૂ કરી છે પરંતુ તમામ બસ મથકોમાં મુસાફરોનું સ્ક્રીનિંગ અદ્ધરતાલ હોવાથી કોરોનાનું સંક્રમણ હાવિ થવાની દહેશત છે. રાજ્ય સરકારે એસ.ટી. બસમાં મહારાષ્ટ્રથી પ્રવેશતા મુસાફરોનું સ્ક્રીનિંગ થાય તે માટે રાજ્યની બોર્ડરો ઉપર મુસાફરોના સ્ક્રીનિંગની વ્યવસ્થા ગોઠવી છે પરંતુ જિલ્લાના બસ મથકોમાં અન્ય જિલ્લામાંથી પ્રવેશતા મુસાફરોના સ્ક્રીનિંગની કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી. જેથી કોરોના કાળમાં ખાળે ડૂચા અને દરવાજા માંકડા જેવો ઘાટ ઘડાયો છે. કોરોનાના કેસ વધતાં એસ.ટી. વિભાગ દ્વારા મહારાષ્ટ્રથી આવતી એસ.ટી. બસના મુસાફરોના કોરોના ટેસ્ટ કરવાનો નિર્ણય કરાયો છે. મુસાફરોના ટેસ્ટ નેગેટિવ આવ્યા પછી જ ગુજરાતમાં પ્રવેશ મળી શકે છે. જેથી નિર્જર, ઉછલ અને સોનગઢ સહિતની મહારાષ્ટ્રને જોડતી બોર્ડરો ઉપર મુસાફરોનું સ્ક્રીનિંગ થઈ રહ્યું છે તો બીજી તરફ હોળી-ધુળેટીના તહેવારના કારણે રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ બસ મથકોમાં મુસાફરોની સંખ્યામાં છેલ્લા ૨ દિવસથી નોંધપાત્ર વધારો થયો છે. બસ મથકોમાં કોવિડ-૧૯ના નિયમોનો ઉલાળીયો અગાઉથી કરવામાં આવ્યો છે ત્યાં વધતી જતી મુસાફરોની ભીડમાં કોરોનાનું સંક્રમણ વધી શકે છે. અગાઉ એસ.ટી. વિભાગ દ્વારા બસ મથકમાં પ્રવેશતા મુસાફરોનું સ્ક્રીનિંગ તેમજ સેનેટાઈઝ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી પરંતુ ગુજરાતી આરંભે સૂરાની જેમ થોડાક સમય માટે દેખાડારૂપ કામગીરી કર્યા પછી નિયમો અભરાઈએ મૂકાયા છે. તહેવારો નજીક આવતાં બસ મથકોમાં આગામી દિવસોમાં મુસાફરોની સંખ્યામાં હજુ વધુ વધારો થવાની સંપૂર્ણ શક્યતા છે છતાં સ્થાનિક કક્ષાએ કોરોનાનું સંક્રમણ રોકવાના કોઈ પ્રયાસ એસ.ટી. વિભાગ દ્વારા કરવામાં આવ્યા નથી.

મહારાષ્ટ્રથી પ્રવેશતા મુસાફરોનું ચેકીંગ તો અન્ય મુસાફરોનું કેમ નહીં, ચર્ચાતો સવાલ

પ્રાંતિજ પોલીસે ત્રણ લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૨૪ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ભાખરીયા ટેકરા ઉપર થી પ્રાંતિજ પોલીસે ત્રણ લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી . પ્રાંતિજ પોલીસ ટાઉન બીટ વિસ્તાર મા પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે ભાખરીયા ટેકરા ઉપર ખુલ્લી જગ્યામા એક ઈસમ દ્વારા દેશી દારૂ નુ વેચાણ થતુ હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા બાતમી ના આધારે અમીનપુર રોડ ભાખરીયા ટેકરા ઉપર જઈ ને તપાસ કરતા મહેશજી ભીખાજી મારવાડી રહે.ભાખરીયા ટેકરા તા.પ્રાંતિજ જઈ.સાબરકાંઠા દ્વારા ભાખરીયા ટેકરા ઉપર ખુલ્લી જગ્યામા પ્લાસ્ટિક ના કેન મા વગર પાસ પરમીટ વગર દેશીદારૂ ત્રણ લિટર જેની કિંમત રૂપિયા ૬૦ જે વેચાણ કરવા માટે રાખેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

ગુનોનોધી કાયદેસરની કાર્યવાહી હાથધરી : ભાખરીયા ટેકરા ઉપર થી દેશી દારૂ સાથે એક ઈસમ ને ઝડપી પાડયો

પ્રાંતિજ શેઠ પી એન્ડ આર હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને હોમિયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડર આર હાઈસ્કૂલ ખાતે હોમિયોપેથીક ગોળી ઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થાઓમા કાર્યરત જાયન્ટસ ઓફ પ્રાંતિજ, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌશાળા પ્રાંતિજ તથા એકલવ્ય ફાઉન્ડેશન પ્રાંતિજ દ્વારા કોરોનાના વધતા જતા કેસો ને લઈ ને આજે પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ.પી.એન્ડર આર હાઈસ્કૂલ ખાતે જઈને શાળાના વિધાર્થીઓને કોરોના સામે યુનિટરી પાવર મળી રહે અને કોરોના સામે રક્ષણ મળે તે માટે શેઠ.પી.એન્ડર આર હાઈસ્કૂલ ખાતે આજે હોમિયોપેથીક ગોળીઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો કોરોના સામે રક્ષણ આપતી હોમિયોપેથીક ગોળીઓ વિધાર્થીઓને મળતા તેમના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી તો આ પ્રસંગે ડૉ.એન. કે.ડેરીયા , મહંત સુનીલદાસજી મહારાજ , જાયન્ટસ પ્રમુખ ડૉ.કેયુરભાઈ પ્રજાપતિ, ડૉ.યતિનભાઈ જોષી, જાયન્ટસમંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, શાળાના આચાર્ય ડૉ.પંકજભાઈ પટેલ તથા શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને વિધાર્થિનીઓને હોમિયોપેથીક ગોળીઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે કેન્ડલ માર્ચ યોજાઈ

જેતલસરમાં સૃષ્ટિ રૈયાણી સાથે બનેલ બનાવના ન્યાય માટે કેન્ડલ માર્ચ યોજાઈ : પાટીદાર સમાજ ના યુવાનો સહિત અન્ય સમાજ ના લોકો ઉપસ્થિત રહ્યા હતા

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે રાત્રી ના આઠ કલાકે કેન્ડલ માર્ચ યોજાઈ હતી જેમા પાટીદાર સમાજ ના યુવાનો સહિત અન્ય સમાજ ના લોકો ઉપસ્થિત રહીને કેન્ડલ માર્ચ યોજીને શ્રધ્ધાંજલી આર્પી હતી.

રાજકોટ ના જેતલસર ની ચકચારી સૃષ્ટિ રૈયાણી હત્યા કેસના આરોપીને કડકમાં કડક સજા અપાવી, અસામાજિક તત્ત્વોમાં કાયદાનો ખૌફ ઊભો કરવાની માંગ સાથે પ્રાંતિજ પાટીદાર સમાજ ના યુવાનો સહિત અન્ય સમાજ ના લોકો દ્વારા રાત્રી ના આઠ કલાકે ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે એકત્રીત થઈ ને કેન્ડલ માર્ચ રેલી યોજી ને જેતલસરની સૃષ્ટિ રૈયાણીને ઘરમાં ઘુસી અઠ્યાવીસ અઠ્યાવીસ છરીના ઘા મારી એક તરફી પ્રેમમાં પાગલ લુખ્ખાએ મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ ઘટનાના પડઘા ગુજરાતભરમાં પડ્યા છે. સોળ વર્ષની કિશોરી સૃષ્ટિ રૈયાણી પર થયેલા અત્યાચારથી તમામ સમાજના લોકોમાં રોષ ભભૂકી રહ્યો છે. ગુજરાતના લોકો આવેદનપત્રો આપી અને કેન્ડલ માર્ચ કરી સૃષ્ટિ રૈયાણીને ન્યાય મળે તથા તેના હત્યારાને ફાંસીની સજા મળે તેવી માંગ કરી રહ્યા છે.

મોડાસા : ચાર રસ્તા પેટ્રોલપંપ નજીક લાકડાના કેબીનમાં આગ લાગતા ભારે અફડાતફડી

ફાયરબ્રિગેડ ટીમે આગ પર કાબુ મેળવ્યો

મોડાસા, તા. ૨૪

ઉનાળાની શરૂઆત થતાંની સાથે અરવલ્લી જીલ્લામાં આગ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલ પેટ્રોલપંપ નજીક લાકડાના કેબિનમાં અગમ્ય કારણોસર આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી આગની ઘટનાની જાણ નગરપાલીકા ફાયરબ્રિગેડને જાણ કરતા તાબડતોડ ફાયરફાયટર સાથે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો આગ પર ઝડપથી કાબુ મેળવવામાં ફાયરબ્રિગેડની ટીમ સફળ રહેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો

મંગળવારે રાત્રીના સુમારે મોડાસા ચાર રસ્તા પર આવેલ પેટ્રોલપંપને અડીને આવેલા લાકડાના કેબીનમાં અગમ્ય કારણોસર આગ લાગતા કેબિનમાંથી આગની જ્વાળાઓ બહાર આવવાની સાથે ધુમાડાના ગોટેગોટા નીકળતા નજીક પેટ્રોલપંપ હોવાથી લોકોમાં દોડધામ મચી હતી



લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા લાકડાના કેબીનમાં આગ લાગવાની ઘટનાની જાણ ફાયરબ્રિગેડની ટીમને કરવામાં આવતા ફાયર ફાયટર મશીન સાથે ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો નજીકમાં પેટ્રોલપંપ અને કેબીનને અડીને આવેલ દુકાનોમાં આગ પ્રસરતી અટકતા મોટી દુર્ઘટના ટળી હતી પેટ્રોલપંપના સંચાલકો અને લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા.